# ઉચ્ચશિક્ષણમાં વૈશ્વિકરણ

ડૉ. ગીતાબેન બી. ઠાકોર (સંસ્કૃત) વિભાગ
આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ

**૧. પ્રસ્તાવના**

આજે વિશ્વસમુદાયની સંસ્કૃતિ, માધ્યમો, ટેકનોલોજી અને પ્રત્યાયન માધ્યમોએ વ્યકિત-વ્યકિતના સબંધો ઘનિષ્ઠ બનાવ્યા છે. એકબીજાને ઓળખતા અને સમજતા કર્યા છે, જે શિક્ષણનું પરિણામ છે. અંગ્રેજી સુવાકય- "Education is a chemistry of Relation" અર્થાત્ શિક્ષણ એ સબંધોનું રસાયણશાસ્ત્ર છે. વૈશ્વિકીકરણ એ વિશ્વકલકનો સબંધોનો વિશાળ ખ્યાલ છે.

વૈશ્વિકરણને આપણે મહદ્અંશે આર્થિક સંદર્ભમાં અને માહિતી ટેકનોલોજીના સંદર્ભમાં જોઇએ છીએ. પણ એકબીજા મહત્ત્વના ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં વૈશ્વિકીકરણ શરૂ થયું છે, અને તે છે ઉચ્ચ શિક્ષણ (સંશોધન અને વિકાસ) તેનું એજન્ટ છે, યુનિવર્સિટીઓ. વિશ્વની મોટી, ખ્યાતનામ યુનિવર્સિટીઓનું વૈશ્વિકરણ શરૂ થયું છે.

પ્રાચીન સમયમાં ભારતમાં નાલંદા અને તક્ષશિલા જેવી મહાન યુનિવર્સિટીઓ હતી, તેમાં અભ્યાસ માટે દુનિયાભરનાં વિદ્યાર્થીઓ આવતા અને તે સમયના શ્રેષ્ઠ શિક્ષકો (આજની પરિભાષામાં ફેકલ્ટી) પાસે વિવિધ વિદ્યાશાખાઓ અને શાસ્ત્રોનો અભ્યાસ કરતા. મધ્યયુગમાં પેરિસ અને બોલોગ્ના ખ્યાતનામ યુનિવર્સિટીઓ હતી. જે યુરોપના વિદ્વાનોને મોટા પ્રમાણમાં આકર્ષતી. બ્રિટનમાં ઓકસફર્ડ અને કેમ્બ્રિજ યુનિવર્સિટીઓમાં પણ શિક્ષણ મેળવવાનું મોટું આકર્ષણ હતું. ૧૯મી સદીમાં જર્મની ઉચ્ચશિક્ષણ અને સંશોધનનું મુખ્ય કેન્દ્ર બન્યું. જર્મનીની યુનિવર્સિટીઓમાં યુરોપના તેજસ્વી વિદ્યાર્થીઓ અભ્યાસ અને સંશોધન માટે જોડાતા.

વીસમી સદીના આરંભમાં જેને આપણે ઉચ્ચશિક્ષણનું વૈશ્વિકરણ કહી શકીએ તેની શરૂઆત થઇ. સેસિલ રહોડ્ઝ અને વિલિયમ હાર્કનેસ જેવા દાનવીરોએ જુદા જુદા દેશોની યુનિવર્સિટીઓ વચ્ચે આદાન પ્રદાન વધે એ હેતુએ સ્કોલરશિપોની સ્થાપના કરી. ૧૯૬૦ ના દાયકા સુધીમાં જુદા જુદા દેશોમાં વિદ્યાર્થીઓ અને સંશોધકોને માર્ગદર્શન આપવા માટે પ્રોફેસરોની આવન-જાવન મોટા પ્રમાણમાં થવા લાગી. સાથે સાથે એક જૉક પ્રચલિત થઇ : ઇશ્વર અને પ્રોફેસર વચ્ચે મુખ્ય તફાવત કયો ?

શૈક્ષણિક વૈશ્વિકરણની માત્રા છેલ્લા દાયકામાં ઘણી વધી છે. એક દેશની મોટી યુનિવર્સિટી વિદેશી વિદ્વાનોને પોતાને ત્યાં ચોકકસ સમય માટે આમંત્રણ આપે છે. કેટલાંક વિદ્વાનો સંશોધન માટે ખાસ રજા (સેબેસ્ટિકલ લીવ) લઇને સ્વદેશ કરતાં પણ વિદેશોમાં વધુ સમય ગાળવા લાગ્યા છે. જેમ ચીજવસ્તુઓ અને વિવિધ સેવાએનું વૈશ્વિક ।સુપર માર્કેટ* ઊભુ થયુ છે. તેમ હવે એકેડેમિક સુપર માર્કેટ ઊભુ થઇ રહયું છે. યુનિવર્સિટીઓ વિદેશી વિદ્યાર્થીઓને પોતાને ત્યાં દાખલ થવા માટે ખાસ પ્રયાસો કરે છે. વિકાસશીલ દેશોમાં

તેઓ પોતાના એજન્ટો રાખે છે અને પોતાની યુનિવર્સિટી કયા કયા વિષયોમાં અગ્રેસર છે, તેનું રીતસર માર્કેટિંગ કરે છે. સામાન્ય રીતે વિદેશી વિદ્યાર્થીઓ પાસે પૂરે પૂરી ફી વસુલ કરવામાં આવે છે. લગભગ ૩૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ વિદેશી યુનિવર્સિટીઓમાં શિક્ષણ લઇ રહયા છે એવો એક અંદાજ છે અને તે સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે.

હવે કેટલીક યુનિવર્સિટીઓ વિદેશમાં પોતાના કેમ્પસ સ્થાપી રહી છે. ન્યૂયોર્ક યુનિવર્સિટીએ અબુધાબીમાં પોતાની એક શાખા ખોલી છે. બીજી છ જેટલી અમેરિકી યુનિવર્સિટીઓએ કતારમાં ઉચ્ચશિક્ષણનું રીતસર સુપર માર્કેટ સ્થાપ્યું છે. હવે જાણીતી યુનિવર્સિટીઓ કોઇને કોઇ ચીની ઉચ્ચશિક્ષણ સાથે જોડાણ કરી રહી છે. ભારતનો ખ્યાતમામ બિઝનેસ સ્કૂલો વિદેશી સ્કૂલો સાથે જોડાણ સાધી રહી છે, તેમ આપણી આઇ.આઇ.ટી. વિદેશોમાં આઇ.આઇ.ટી. શરૂ કરવાની વાટાઘાટો કરી રહી છે.

જુદા જુદા દેશોમાં રહેલી ટેલેન્ટને આકર્ષવાની સ્પર્ધા પૂરતું શૈક્ષણિક વૈશ્વિકીકરણ સીમિત નથી. અમેરિકાની શ્રેષ્ઠ ગણાતી યુનિવર્સિટીઓ સાથે સ્પર્ધા કરી શકે એવી વૈશ્વિક યુનિવર્સિટીઓનું એક “એલિટ ગ્રુપ” ઊભું કરવાનો પ્રયાસ કેટલાક દેશો કરી રહયા છે, જેમાં ચીન અને ભારત મોખરે છે. ફ્રાન્સ અને જર્મની સરકારો પણ યુરોપિયન આઇવી લીગ સ્થાપવાનું વિચારી રહી છે. આ બધાની પાછળ મુખ્ય વિચાર એ રહેલો છે કે વિશ્વસ્તરીય યુનિવર્સિટીઓ જે તે દેશના આર્થિક વિકાસરમાં ઘણો માટો ફાળો આપે છે.

## ૨. ઉચ્ચશિક્ષણમાં વૈશ્વિકીકરણની અસર

- ઉચ્ચશિક્ષણનું વૈશ્વિકીકરણ ખાસ કરીને ઇચ્છનીય છે. કારણ કે લોકોને આખા વિશ્વમાં અનેક પ્રકારનાં વિવિધલક્ષી સદ્‌ગુણો શીખવા માટે વિભિન્ન તકો પૂરી પાડે છે.
- ભારતનાં સંદર્ભમાં વિચારીએ તો ભારતમાં ટેકનિકલ અને બીજા વ્યવસાયિક અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ સંખ્યા પર્યાપ્ત નથી અને તે માટે આપણી આર્થિક ક્ષમતા પણ નથી. તે પૂરી કરવામાં પરદેશની યુનિવર્સિટીનું આગમન ઉપકારક બની શકે. તેમજ પરદેશની મૂડીનું ભારતમાં રોકાણ થશે અને ત્યાંના અનુભવી વિદ્વાનો તેમજ વિદ્વાન અધ્યાપકોનો આપણે લાભ મેળવી શકીએ. પરંતુ વિકસિત દેશોને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા શૈક્ષણિક તજજ્ઞો અને અત્યાધુનિક સાધન સામગ્રીનો લાભ મળે પરંતુ અમુક દેશની નિમ્ન પ્રકારની યુનિવર્સિટીઓમાં નારાજગી આવી શકે.
- સાથે સાથે રાષ્ટ્રોનાં સીમાડા સુધી વિસ્તરેલા અને ઉપલબ્ધ ઉચ્ચશિક્ષણનાં મુશ્કેલ વિષયવસ્તુનું આયોજન, ગુણવત્તા અને વિશ્વસનીયતામાં રહી ગયેલી ખામીઓ કે દૂષણથી આપણે સાવધ રહેવું જોઇએ.
- સમુહ દ્દષ્ટિકોણ દ્વારા આવા મુદ્‌નાં વલણની ચર્ચા થવી જોઇએ. પરંતુ આ પ્રકારના શિક્ષણના મુદ્દાઓના આધારે કઇ રીતે લોકો અને અનિવાર્યતા પ્રમાણે સાંભળે અને પૂરતા પ્રમાણમાં એના વિચારોને અનુસરીને અપનાવે તે છે.

## ૩. ઉચ્ચશિક્ષણમાં વૈશ્વિકીકરણના કેટલાક મહત્વના સૂચિતાર્થો

વધતા જતા શૈક્ષણિક વૈશ્વિકીકરણના કેટલાંક મહત્વના સૂચિતાર્થો આ પ્રમાણે છે.

- ઉચ્ચશિક્ષણનાં ક્ષેત્રમાં વધતી જતી સ્પર્ધાને કારણે બહુ મોટા પ્રમાણમાં મૂડી રોકાણ કરવું પડશે.
- આ મૂડી રોકાણમાં ।રાજય* નો ફાળો ઓછો અને ખાનગી ફાળો ઘણો માટો હશે.

- ખાનગીક્ષેત્ર ત્યારે જ કશાકમાં મૂડી રોકાણ કરે, જયારે તેને સારા એવા પ્રમાણમાં વળતરની અપેક્ષા હોય.
- ખાનગી ક્ષેત્રમાં દેખીતી રીતે જ આવું શિક્ષણ મોંઘું હોવાનું, જે સામાન્ય લોકોની વાત બાજુએ રાખી, મધ્યમ કે ઉચ્ચ વર્ગને પણ પોષાવું મુશ્કેલ બનવાનું.
- આપણા દેશમાં ઉચ્ચશિક્ષણનું જે ઝડપથી ખાનગીકરણ થઇ રહયું છે. તેના માઠાં પરિણામો ભલે અત્યારે નહિ પણ આવત પાંચ-દસ વર્ષમાં મોટા પ્રમાણમાં જોવા મળશે.

ભારતના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં પરદેશ અભ્યાસ કરવા જાય છે. મોટાભાગે ત્યાં અથવા ભારતમાં પોતાની કારકિર્દી બનાવે છે. ઇ.સ.૨૦૦૯ માં આપણા દેશમાંથી ૧,૬૦,૦૦૦ વિદ્યાર્થીઓ અમેરિકા, યુ.કે., ન્યુઝીલેન્ડ, જર્મની અને ઓસ્ટ્રેલિયામાં ઉચ્ચશિક્ષણ માટે ગયા હતા. પરદેશ જનારની સંખ્યા દર વર્ષે વધતી જાય છે. પ્રત્યેક વિદ્યાર્થી દર વર્ષે પરદેશના અભ્યાસની ફી માટે લગભગ રૂા. ૧૫ લાખ ખર્ચે છે. બીજો ખર્ચ પણ તેટલો જ. પરદેશની યુનિવર્સિટીનો સ્ટેમ્પ લાગે છે. આપણા વિદ્યાર્થીઓ પરદેશ જાય છે તેનાં મુખ્ય બે કારણો છે.
(૧) પરદેશની વૈશ્વિક સ્તરની યુનિવર્સિટીમાં અભ્યાસ કરવાની તેઓને તક મળે છે.
(૨) ભારતમાં અનુસ્નાતક કક્ષાએ ખાસ કરીને ટેકનિકલ વિષયો માટે પોતાની પસંદગીની વિદ્યાશાળા ચાતો ઉપલબ્ધ હોતી નથી અથવા પ્રવેશ મળવાનું મુશ્કેલ હોય છે.

જોકે આમ થવાથી ભારતનું અઢળક નાણું દર વર્ષે પરદેશમાં જતુ રહે છે. આપણું યુવાધન પરદેશથી આકર્ષાયને ત્યાં સ્થાયી થાય છે. પરિણામો આપણું બુધ્ધિ ધન પણ પરદેશમાં ઘસડાઇ જાય છે. જે ભારત જેવા વિકાસશીલ દેશને તે પાલવે નહિ. આથી ભારત સરકારના પ્રધાન મંડળે માર્ચ ૨૦૧૦માં પરદેશની યુનિવર્સિટીઓ પણ ભારતમાં આવી શકે તેવી કાયદાકીય જોગવાઇ કરવાનો નિર્ણય કર્યો છે. અને તે અંગેનું બીલ લોકસભા સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. આ બીલમાં એવી જોગવાઇ છે કે જે યુનિવર્સિટી અહી આવવા ઇચ્છે તે સૌપ્રથમ પોતાના દેશમાં પ્રમાણિત (Accredited) થયેલી હોવી જોઇએ અને અહી ભારત સરકાર નક્કી કરે તેવા નિયમો અને પ્રમાણો તેને માન્ય હોવા જોઇએ.

વિદેશી યુનિવર્સિટીઓના ભારતમાં પ્રવેશ માટેનું આવું બિલ સંસદમાં ભારે ઊહાપોહ અને વિરોધ વચ્ચે રજૂ થયું હતું. કઇ-કઇ શરતોને આધીન રહીને વિદેશી યુનિવર્સિટીઓ આપણે ત્યાં કેમ્પસ ઉભા કરી શકે તેની ચર્ચા થઇ હતી. ઘણી વિગતો અસ્પષ્ટ હતી. જો શરતો વધુ કડક લાગશે તો જાણીતી વિદેશી યુનિવર્સિટીઓ ભારતમાં આવતા પહેલા બે વાર વિચાર કરશે. આજે દુનિયા નાની થતી જાય છે. વૈશ્વિકીકરણ ઝડપથી વધતું જાય છે. દુનિયાથી અલગ રહીને બંધિયાર રહેવાનું શકય નથી. ભારત ઉચ્ચશિક્ષણના વૈશ્વિકીકરણના ઉંબરે ઊભું છે તો તેના લાભાલાભની ચર્ચા થાય તે પણ જરૂરી છે.

### ૪. ઉચ્ચશિક્ષણ સંદર્ભે વૈશ્વિકીકરણના લાભ

- આજે સમગ્ર વિશ્વમાં વધુ પગાર, સવલતો આપતી અને મોભો પ્રદાન કરતી રોજગારી મેળવવા તેટલી જ સારી કક્ષાની પદવીઓ અને ગુણવત્તા જરૂરી બની છે. જે માટે આંતરરાષ્ટ્રીય સ્તરની રોજગારી મેળવવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સંસ્થાઓમાં અભ્યાસનું નમ્ર વલણ રહયું છે. વધુ સારી રોજગારીની તકો વૈશ્વિકીકરણથી પ્રાપ્ત થઇ શકે છે.

- વૈશ્વિકીકરણ વિદ્યાર્થીઓને વિદેશી શિક્ષણ મેળવવા ઉપયોગી બને છે. બીજા દેશની શિક્ષણ પ્રણાલી, શિક્ષણની ગુણવત્તા અને રોજગાર ક્ષેત્રે ગોઠવવાની ક્ષમતાને ધ્યાનમાં લેતા વિદેશી શિક્ષણ મેળવવાનો પ્રવાહ શરૂ થયો છે.
- વિશ્વનાં દેશોમાં સંસ્કૃતિનો સમન્વય થતો જ રહે છે. આજે બે રાષ્ટ્રો વચ્ચે જયારે સંસ્કૃતિનું આદાન-પ્રદાન થઇ રહયું છે ત્યારે સંસ્કૃતિના એક અંગ તરીકે શિક્ષણનું આદાન-પ્રદાન પણ વૈશ્વિકીકરણનું એક કારણ બને છે.
- વૈશ્વિકીકરણથી જ્ઞાનની સરળતાથી આપલે થાય છે. આજે ટી.વી., કોમ્પ્યૂટર, ઈન્ટરનેટ અને અન્ય ટેકનોલોજીએ માહિતી ક્ષેત્રે ક્રાંતિ આણી છે ત્યારે માહિતીના આ પ્રવાહ અનૌપચારિક શિક્ષણની તકો આપે છે તો સાથે કેટલીક Formal agencies પણ પોતે ઘઇબસાતઇ દ્વારા માહિતી પૂરી પાડે છે. આવા સંજોગોમાં આધુનિક વિશ્વ સાથે કદમ મિલાવવા વૈશ્વિકીકરણ જરૂરી બન્યુ છે.
- ભારતના સંદર્ભમાંજ વિચારીએ તો ૧૯૧૧ થી નવી આર્થિક નીતિ અમલમાં આવી તેનો કેન્દ્રિય વિચાર વૈશ્વિકીકરણ અને ઉદારીકરણનો હતો. જેનો અર્થ થાય છે રાજયનું એક ઘટક જે શિક્ષણ છે. તેમાં પણ વૈશ્વિકીકરણ દરેક દેશને માટે આર્થિક નીતિને પૂરક બને છે.

## ૫. વૈશ્વિકીકરણમાં સરકારની ભૂમિકા

વૈશ્વિકીકરણ માટે સરકાર શું કરી શકે ? વૈશ્વિકીરણ માટે સરકાર મહત્વનું કાર્ય કરી શકે જે આ પ્રમાણે છે.

- સ્ટુડન્ટ વિઝાની શરતો હળવી બનાવી શકે.
- વધુ અભ્યાસ માટે લોન પૂરી પાડી શકે.
- તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપવાની યોજના ઘડી શકે.
- આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરનાર વિદ્વાનોને મુલાકાતી અધ્યાપક તરીકે બોલાવી શકે.
- સરકાર અભ્યાસક્રમનું ઉન્નયન (Up gradation) કરી શકે.
- અંગ્રેજી માધ્યમનું સાહિત્ય, ઈન્ટરનેટથી સુવિધા વધારી શકે.
- આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓ, સંસ્થાઓ માટે પાયાની સગવડો પૂરી પાડી શકે.
- રોજગારીના ક્ષેત્રમાં ગોઠવણીની વ્યવસ્થા કરી શકે.
- ખાનગી ક્ષેત્રથી શિક્ષકની ઊણપો દૂર કરવા પ્રયાસ કરી શકે.

આમ, આજે દુનિયા નાની થતી જાય છે. વૈશ્વિકીકરણ ઝડપથી વધતુ જાય છે. દુનિયાથી અલગ રહીને બંધિયાર રહેવાનું શકય નથી. જયાં સુધી આપણે વૈશ્વિક સ્તરના વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ માટેની જરૂરિયાત પ્રમાણેની શિક્ષણની સુવિધાઓ પ્રસ્થાપિત કરી શકીએ નહિ ત્યાં સુધી આપણે આપણી ક્ષિતિજો લંબાવવી જ રહી. ભારતીય સંસ્કૃતિને અનુરૂપ બધી દિશાઓમાંથી આવતા સંનિષ્ઠ વિચારોનો ઉપકારક ઉપયોગ કરીએ તે હાલને તબકકે ઉચિત ગણી શકાય. આપણી સારી યુનિવર્સિટીઓ વધુ સારી બને, મધ્યમ પ્રકારની યુનિવર્સિટીઓ ભાંગી ન પડે તે માહોલમાં આપણી ઉચ્ચશિક્ષણ યાત્રાને વૈશ્વિક બનાવીએ તેમાં વાંધો હોઇ શકે નહી. આપણે આપણાં દ્વારો સાવધાનીપૂર્વક ખુલ્લા કરીએ તે યોગ્ય જ છે.

## સંદર્ભ

૧. અભિદષ્ટિ : અંક 33- 3૪ સપ્ટે - ૨૦૧૦
૨. ડર. સ્ષજી સ્બદઉલ ખઅલઅમ ૨૦૦૭ નિદ્દ્હરના તઅબલઇ સપારાત
3. ઉચ્ચતર કેળવણીની વિશ્વવ્યાપક પ્રયુકિતઓ (મે ૨૪, ૨૦૦૨) લેખ.